ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪. ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૯ ટકા

# શિયાળાની ઠંડીમાં ગરમાગરમ સૂપ ઓન ડીમાન્ડ

## સરીતાઉદ્યાન, પુનિતવન, ચ-માર્ગ, સ્વર્ણિમ પાર્ક ખાતે મળી રહ્યા છે આઠ પ્રકારના સૂપ, જ્યૂસ અને હેલ્ધી સલાડ

ગાંધીનગર, તા. ૧૫

ગુલાબી ઠંડી સાથે શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. શિયાળો ખાન-પાનની ઋતુ ગણાય છે ત્યારે શહેરમાં વિન્ટર ડાયટના સૂપ વહેલી પરોઢે વોકિંગ કરતા શહેરીજનો દ્વારા પીવાઈ રહ્યા છે. જેમાં આઠ પ્રકારના જુદા જુદા સૂપ, જ્યુસ, સલાડ મળી રહ્યા છે. શહેરના સરિતાઉદ્યાન પાસે, પુનિત વન પાસે, ચ-રોડ, સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં વહેલી પરોઢે સૂપ બનાવીને ગરમાગરમ ફ્રેસ સૂપ અને સાથે જ્યૂસ તથા સલાડ વેચાઈ રહ્યા છે. જેમાં દૂધી-સરગવા સૂપ, બીટ-ગાજર-ટામેટા સૂપ, પાલક-ચણા-મગ સૂપ, કારેલા સૂપ, આમળા જ્યુસ, ગ્રીન જ્યુસ, ઘઉંના જ્વારા, ચણા-મગ-અંકુરિત મગ-અમેરિક મકાઈ-સીંગનો મીક્સ સલાડ મળી રહ્યો છે.

સરિતાઉદ્યાન પાસે મહેશભાઈ પ્રજાપતિ દ્વારા 'ધ ફોરવેર ડાયટ' ચાલી રહ્યું છે જેમાં આ આઠ પ્રકારના મીક્સ વેજીટેબલના સૂપ બનાવીને વહેલી પરોઢે ૬.૩૦ કલાકે ફ્રેસ ગરમાગરમ સૂપ બનાવી રહ્યા છે. જેનો ભાવ ૧૦ થી ૪૦ રૂપિયા રાખેલો છે. જેમાં ૧૦૦ એમએમ કપ સૂપનો ભાવ ૧૦ રૂપિયા, ૨૦૦ ગ્રામ કપ સૂપનો ભાવ ૨૦ રૂપિયા જ્યારે ગ્રીન સૂપનો ભાવ ૨૦ થી ૪૦ રૂપિયા છે. કારણ કે ગ્રીન સૂપ બનાવવામાં વધારે મહેનત થાય છે. અને તે ઘઉંના જ્વારામાંથી બનાવવામાં આવે છે. તેથી ગ્રીન સૂપનો ભાવ વધારે છે. બીજા બધા સૂપમાં મહેનત મજૂરી વધારે કરવી પડતી નથી.




શહેરીજનોમાં આ આઠ સૂપમાંથી દૂધી-સરગવો, બીટ-ગાજર-ટામેટું સૌથી વધારે ડિમાન્ડ રહે છે. ત્યારબાદ પાલક-ચણા-મગ, કારેલાના સૂપની ડિમાન્ડ ચાલી રહી છે. દૂધી-સરગવાનો સૂપ સૌથી વધુ ફાયદાકારક ગણાય છે. આ તમામ સૂપમાં લીંબુ-મસાલા ઉમેરીને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. અંકુરિત કરેલા મગ વેપારીઓ દ્વારા બે દિવસ અગાઉ પાણીમાં પલાળી રાખવામાં આવે છે ત્યારબાદ મગ અંકુરિત થાય છે. જે ખૂબ જ પૌષ્ટિક અને શરીર માટે ફાયદાકારક છે. આ અંકુરિત મગમાં ચણા, કાકડી, કેપ્સીકમ, ટામેટા, સીંગ, અમેરિકન મકાઈ મીક્સ કરીને મસાલો ઉમેરીને હેલ્ધી સલાડ તૈયાર કરવામાં આવે છે. વજન ઓછું કરવા માટે આ પ્રકારનો સલાડ તૈયાર કરવામાં આવ્યો છે. ત્યારબાદ ઘઉંના જ્વારાનો જ્યુસ જેમાં ઘઉંના જ્વારા ઉગાડવામાં આવે છે જ્વારા ઉગી નીકળે ત્યારબાદ તેની ઉપરનો ભાગ કાપીને તેનો જ્યુસ બનાવવામાં આવે છે. જેમાં મહેનત માંગી લે છે. રસોડામાં સૌથી વધારે વપરાતી હળદળ અને જેના વગર ચા પસંદ ના આવે તેવું આદું આ બન્ને પણ જ્યૂસ તરીકે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. આદુ-હળદરનો જ્યુસ પણ મીક્સ કરવામાં આવે છે.

કોરોના કાળ દરમ્યાન આ વેપારીઓ દ્વારા ઉકાળા અને કાઢા બનાવીને વેચવામાં આવતા હતા. જે કોરોના ઓછો થયા બાદ ઉકાળા અને કાઢા બનાવવાનું બંધ કર્યુ છે. કોરોના મહામારી દરમિયાન ઉકાળા-કાઢાનું વેચાણ સૌથી વધારે થયુંહતું. સૂપનો ધંધો કરતા વેપારીઓ દરરોજના ૧૦૦૦ થી વધુની કમાણી વર્તમાન સમયમાં કરી રહ્યા છે. આગામી દિવસોમાં આવકમાં વધારો થાય તેવું દૃશ્ય વેપારીઓને દેખાઈ રહ્યું છે. ગ્રીન જ્યુસ ઘઉંના જ્વારા, સરગવાના પાન, પાલક, મીઠા લીમડાના પાન, ફૂદીનો, કોથમીર, તુલસી મીક્સ કરીને તૈયાર કરવામાં આવે છે. જ્યારે વજન ઓછુ કરવા માટે સ્પ્રાઉટ સલાડ બનાવવામાં આવે છે.

**ગ્રીન જ્યુસના ફાયદા**

- શરીરના ઝેરી દવ્યોનો નિકાલ કરે છે.
- રોગપ્રતિકારક શક્તિ વધારે છે.
- પોષકતત્વોથી ભરપૂર છે.
- પચવામાં સહુથી સરળ અને સહુથી ઝડપી છે.
- ત્વચા, વાળ, નખને સ્વસ્થ બનાવે છે.
- શરીરની વધારાની ચરબી ઓછી કરે છે.
- શરીરને ક્ષારિપ બનાવે છે.
- કેન્સરનું જોખમ ઘટાડે છે.
- ઓછા કે વધારે લોહીના દબાણ માટે લાભદાયક.
- પાચનક્રિયાને મજબૂત બનાવે છે.
- દરેક પ્રકારના નાના-મોટા રોગો મટાડે છે.

શિયાળામાં સૂપ શરીરમાં પાણી અને પોષક તત્વોની ઉણપ દૂર કરે છે. સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિ બીમાર હોય છે ત્યારે સૂપનું સેવન કરે છે. પરંતુ સ્વસ્થ રહેવા માટે દરરોજ તેને પીવું જરૂરી છે. સૂપમાં વિટામીન, પ્રોટીન, એન્ટી ઓક્સિડેન્ટસ અને મેગ્નેશિયમ જેવા ઘણા ગુણધર્મો છે. તાજા લીલા શાકભાજીમાંથી બનેવાલે સૂપ કોને ન ભાવે ? ખાસ કરીને ઠંડીની મોસમમાં સૂપની મજા જ કંઈક અલગ હોય છે. જો કે આજકાલ જે પ્રકારના સૂપ પીવાઈ રહ્યા છે તેમાંથી મોટાભાગના સ્વાદપ્રદ તો છે પરંતુ સ્વાસ્થ્યપ્રદ નથી. શાકભાજી કરતા તેનો સૂપ વધુ પાચ્ય હોય છે. બજારમાં મળતા પેકેજડ સૂપ પાઉડરમાં સૂપ ઘટ્ટ બને તે માટે કોર્ન સ્ટાર્ચ ઉમેરવામાં આવે છે. આ કોર્ન સ્ટાર્ચ કફ પ્રેરક છે શરીરમાં કફ બનાવવા માટે ટ્રીગર ફેક્ટરનું કામ કરે છે જે કોરોના કાળમાં અત્યંત જોખમી બને છે. આવા પેકેજડ સૂપ સ્વાદિષ્ટ હોઈ શકે પણ સ્વાસ્થ્યની દૃષ્ટિએ કોઈ ખાસ ફાયદાકારક નથી. તેથી શહેરમાં જે વહેલી પરોઢે સૂપ-જ્યૂસ-સલાડ મળી રહ્યા છે જે હોમ મેઈડ હોય છે તેનો ઉપયોગ કરવો શહેરીજનો માટે ફાયદાકારક બની રહેશે. શિયાળા દરમિયાન આ ફ્રેસ જ્યૂસ-સૂપ-સલાડનો ઉપયોગ કરીને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી શકાય છે.

## એસ.એસ.વી. શાળામાં શિક્ષકો માટે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

એસ.એસ.વી. શાળામાં શિક્ષકો માટે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો હતો. બે વર્ષથી કોરોના સમય દરમ્યાન વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી રહ્યા છે જેનાથી શિક્ષણ પદ્ધતિ સાવ બદલાઈ ગઈ છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ અત્યારે પ્રત્યક્ષ રહી અભ્યાસ કરી રહ્યા નથી ત્યારે વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોને આ રીતે ભણાવવું અઘરૂ બની રહે છે તેને અનુલક્ષીને દિવાળી વેકેશન દરમિયાન શાળામાં ભરતભાઈ મહેતા દ્વારા શિક્ષકો માટે તાલીમ માટેનો સેમિનાર યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં થતી મુશ્કેલી તેમજ કોરોના પહેલા અને કોરોના પછી થતી મુશ્કેલી સામે શું કરવું તે વિષેની ચર્ચા કરી હતી. જેમાં શાળાના પ્રિ.પ્રાઈમરીથી ધોરણ ૧૨ સુધીના શિક્ષકોએ ભાગ લીધો હતો.

## ભગવાન બિરસા મુંડાની ૧૪૬મી જન્મજયંતી નિમિત્તે ભાજપા દ્વારા પુષ્પાંજલી



ગાંધીનગર, તા. ૧૫

ભગવાન બિરસા મુંડાની ૧૪૬મી જન્મજયંતિ 'જનજાતિય ગૌરવ દિન' નિમિત્તે મહાનગર ભાજપા દ્વારા પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંત પટેલે વિશેષ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ સંગઠનના હોદ્દેદારો, મહાનગર આદિજાતિ મોરચાના અધ્યક્ષા બી. આરતી તથા કોર્પોરેટરો, હોદ્દેદારો, કાર્યકર્તા ભાઈઓ તથા બહેનોએ બિરસા મુંડાજીને સ્મરણાંજલિ પાઠવી હતી.

ઉપસ્થિત સૌએ ભગવાન બિરસા મુંડાના જીવનકવનનું સ્મરણ કરી તેમણે આપેલા અમૂલ્ય યોગદાનને એકસુરથી બિરદાવ્યું હતું. તેમની જન્મજયંતિને જનજાતિય ગૌરવ દિન તરીકે ઉજવવાનો નિર્ણય કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

૪૨/૮૪ કડવા પાટીદાર સિનિયર સિટીઝન દ્વારા આયોજીત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જે બ્રહ્માકુમારી હોલ ચિલોડા ખાતે સાહિત્યકાર ભાગ્યેશ જહાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં સિનિયર સિટીઝનોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સિનિયર સિટીઝન ક્લબ દ્વારા કરેલ વિવિધ પ્રવૃત્તિ અહેવાલ રજૂ કરી ક્લબના પ્રમુખ રમણ પટેલ દ્વારા સર્વે મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. દિવ્ય વાતાવરણમાં યોજાયેલ આ પ્રસંગે બ્રહ્માકુમારીઝના દીદીએ પોતાના પ્રેરક પ્રવચનમાં ફક્ત ઘરની સફાઈ જ જરૂરી નથી પણ વિશેષ મનની સફાઈ જરૂરી છે. એમ કહી શ્રેષ્ઠ જીવન જીવવા માટેના પંદર વાક્યો મંત્રરૂપે આપી સર્વેને શુભાષિશ પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને વક્તા તરીકે ઉપસ્થિત સાહિત્યકાર ભાગ્યેશ જહાએ પોતાના વિશેષ અંદાજમાં



ઉપસ્થિત સિનિયર સીટીજનોને સિનીયર એટલે સીમામાં રહો- નિયમિત બનો, યજ્ઞિય ભાવ રાખો અને રત રહોના મંત્રને જીવનમાં ઉતારી મારામાં અને દરેકનામાં ઈશ્વર બિરાજમાન છે એમ વિચારી ઈગો છોડી દો તો શ્રેષ્ઠ જીવન જીવી શકાય નો ઉલ્લેખ કર્યો હતો અને પોતાની વાણીથી ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ પટેલ, ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ, સમાજના અગ્રણી એચ.આર. પટેલ તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ, ગાયત્રી પરિવારના નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેર વસાહત મહામંડળ દ્વારા ટપાલ કચેરીની સમયમર્યાદા વધારવા માંગ

ગાંધીનગર, તા. ૧૫

શહેર વસાહત મહામંડળ દ્વારા ટપાલ કચેરીના સેવિંગ બેંકના એકાઉન્ટ માટેના સમયમાં ફેરફાર કરવા માંગ કરી છે. કારણ કે ગાંધીનગરની સમગ્ર ટપાલ કચેરીઓમાં ગ્રાહકોએ મોટી રકમ મુકેલ છે તથા અસંખ્ય ગ્રાહકોના કાયમી રોકાણના વ્યાજમાંથી પોતાનું ઘર ચલાવતા હોવાથી પોસ્ટ કચેરી સાથે નાણાંકીય સંબંધ વધુ રહે છે. ત્યારે બેંકના સમય સવારથી સાંજના પાંચ સુધીનો હતો તેમાં ફેરફાર કરી બપોરના ૧૨ વાગ્યા સુધીનો થતા ગ્રાહકોમાં વ્યાપક પ્રમાણમાં લોક માંગણી છે કે પોષ્ટ કચેરીની નાણાંકીય લેવડદેવડ માટેનો સમય બેંકોના સમય મુજબ રાખવો અનિવાર્ય છે જેથી ગ્રાહકો સુવિધાપૂર્વક પોસ્ટ કચેરીનો લાભ લઈ શકે. હાલના બપોરના ૧૨ વાગ્યા સુધીનો સમય અનુકૂળ ન હોઈ તેમાં ફેરફાર કરી આખા દિવસનો કરવા ડાક અધિકારીને પણ મહામંડળ દ્વારા રજૂઆત કરી હોવાનું અરણ બૂચ, મયુર વ્યાસ, કીશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, કશ્યપ મહેતા સહીતે માંગ કરી છે.



સેક્ટર-૧૨ માં સીબીઆઈ કોલોનીની નજીક છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાઈ રહી છે. ગટરનું ગંદુ પાણી રોડ પર વહી રહ્યુ છે જેના કારણે વાહનચાલકોને અને રાહદારીઓને અહીંથી પસાર થવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. અહીંના વસાહતીઓ તો દુર્ગંધ અને ગંદકીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમીની ટીમે સ્પેશિયલ-૨૬ને પરાસ્ત કરી

### જીએમએલ-૨૦૨૧માં જીએસએનો ૬૨ રને ભવ્ય વિજય : કહાન મજેઠિયા અણનમ ૮૨ રન સાથે મેન ઓફ ધ મેચ બન્યાં

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સે. ૮ ખાતે ગાંધીનગર મેજર લીગ-૨૦૨૧ ટૂર્નામેન્ટમાં આજે ગાંધીનગર



સ્પોર્ટસ એકેડેમીની ટીમે સ્પેશિયલ-૨૬ ક્રિકેટ એકેડેમીને જબરદસ્ત પરાજય આપ્યો હતો. જીએસએની ટીમે ૫૦ ઓવરમાં ૬ વિકેટે ૨૪૫ રન કર્યા હતા. જેની સામે એસપીએલ-૨૬ માત્ર ૧૮૩ રનમાં આખી ટીમ તંબુ ભેગી થઈ ગઈ હતી.

ગાંધીનગર મેજર લીગ-૨૦૨૧માં જીએસએની ટીમે પહેલા બેટીંગ કરતા કહાન મજેઠિયાના અણનમ ૮૫ રન અને રોહિત દહિયાની ૪૪ રનની ઈનિંગની મદદથી ૬ વિકેટે ૨૪૫ રનનો સ્કોર ખડક્યો હતો. એસપીએલ-૨૬ના દેવર્શ ચૌધરીએ ૫૩ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. એસપીએલ-૨૬ની ટીમના બંસિલ પંડ્યાએ ૭૩ રનની મહત્વની ઈનિંગ રમી હતી પરંતુ જીસીએના દેવસિંહ રાઠોડે ઝંઝાવાતી બોલીંગની મદદથી માત્ર ૪૦ રન આપીને ૪ વિકેટ ખેરવવા સાથે લાભેશે ૩૮ રનમાં ૨ વિકેટ ઝડપતાં એસપીએલ-૨૬ ટીમ ૪૩.૫ ઓવરમાં માત્ર ૧૮૩ રનમાં સમેટાઈ ગઈ હતી અને જીએસએનો ૬૨ રને વિજય થયો હતો. કહાન મજેઠિયાને મેન ઓફ ધ મેચના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં હતા.




**સે. ૧૬ માં લાંબા સમયથી પડી રહેલુ બીનવારસી સ્કૂટર**

ગાંધીનગરના અત્યંત ભરચક કહી શકાય તેવા સે. ૧૬ના કોમર્શિયલ વિસ્તારમાં બેંકિંગ ઝોન એરિયામાં જુની દેનાબેંક જે હવે બેંક ઓફ બરોડા થઈ ગઈ છે તેની બાજુમાં જ મુખ્ય માર્ગ પર એક બીનવારસી સ્કૂટર લાંબા સમયથી રોડ સાઈડમાં પાર્ક કરેલું પડ્યું છે જેની પર ધૂળના થર પણ જામી ગયાં છે. આસપાસમાં કામ કરતી કેટલીક વ્યક્તિઓના જણાવ્યાં અનુસાર આ સ્કૂટર આશરે એક-દોઢ માસથી અહીં પડ્યું છે. પરંતુ તેને કોઈ લેવા કે જોવા આવતું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક સમયથી વધી ગયેલી વાહનચોરીની ઘટનાઓ સહિતની ગુનાખોરીના પગલે આ પ્રકારની બીનવારસી તેમજ શંકાસ્પદ રીતે પડી રહેલા વાહનોની સત્વરે તપાસ થાય તે શહેરીજનોની સુરક્ષા માટે ખૂબ જરૂરી છે.

## સાંતેજ દુષ્કર્મ પ્રકરણમાં ચાર્જશીટ દાખલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલના સાંતેજ વિસ્તારમાં નાની બાળકીઓનું અપહરણ, દુષ્કર્મ તેમજ હત્યાના ગુનામાં પોલીસે પકડી પાડેલ આરોપી વિજય ઠાકોર સામે એલસીબી પોલીસ દ્વારા માત્ર ગણતરીના દિવસોમાં જ ૫૦૦ પાનાની ચાર્જશીટ રજુ કરવામાં આવી છે. જેમાં ૬૦ થી વધુ સાહેદોના નિવેદન, સીસીટીવી ફુટેજ સહિતના પુરાવાઓ એકઠા કરી ચાર્જશીટ રજુ કરાઈ છે.

મળતી વિગત મુજબ દિવાળીના દિવસોમાં જ નાની બાળકીઓનું અપહરણ, દુષ્કર્મ, અને હત્યાના ગુનાઓને અંજામ આપનાર મનોવિકૃત વિજય ઠાકોરે કલોલ તાલુકા, સાંતેજ અને મહેસાણા જિલ્લાના કડી તાલુકાના એકલી અટુલી મહિલાઓ ઉપર જીવલેણ હુમલા કરી દાગીનાની લુંટ ચલાવી હોવાનું પણ સામે આવ્યું છે. જયારે ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મ બાદ ફરીવાર એ જ જગ્યાએ જઈને એક વૃધ્ધા પર હુમલો કર્યો હોવાનું રિમાન્ડ દરમિયાન વધુમાં કબુલાત કરી હતી. ત્યારે પોલીસે દુષ્કર્મ પ્રકરણમાં સાહેદોના નિવેદન, કેમેરાના ફુટેજ સહિતના પુરાવા એકઠા કરી ચાર્જશીટ રજુ કરાઈ છે.

## ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજામાં સુરક્ષા જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે સુરક્ષા જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. પેથાપુર પોલીસ સ્ટેશનમાંથી સુરક્ષા કર્મચારીઓ દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. વર્તમાન સમયમાં બાળકીઓ, મહિલાઓ અને વૃદ્ધો સાથે થતા અપરાધોની સંખ્યા વધી રહી છે. આ સંજોગોને ધ્યાને લઈ પેથાપુર પોલીસ કર્મચારીઓ દ્વારા વિવિધ સ્થળો પર સુરક્ષા અંગે રાખવામાં આવતી સાવધાની અંગેની જાણકારી આપવામાં આવી રહી છે. જો કોઈને હેલ્પ જોઈતી હોય તો હેલ્પલાઈન નંબર-૧૦૦ અને પેથાપુર પોલીસ સ્ટેશનનો નંબર ૬૩૫૯૬૨૪૯૩૯ પર સંપર્ક કરી તત્કાળ સુરક્ષા મેળવી શકશે. સાવધાની હટી તો દુર્ઘટના ઘટશે. જાગૃત રહો, લાલચમાં આવી છેતરાશો નહી, તમને નુકશાન કરનારા તમારી આસપાસ જ હશે, પણ તમે જાગૃત રહેશો તો કોઈ જ તકલીફ થશે નહી. ડરવાની જરૂર નથી માત્ર સજાગ રહેવાનું છે. હિંમતથી કામ કરવાનું છે. પોલીસ આપની સુરક્ષા માટે આપની નજીકમાં જ છે. ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાના સંયોજક ડૉ. રાજીવ પટેલે સૌને આવકાર આપ્યો હતો. તથા ડૉ. હસમુખ પંચાલે કાર્યક્રમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી આતાજી નાથાજી - ૭૩, ડભોડા
- સ્વ. શુક્લા હરિશચંદ્ર ચંદ્રશંકર - ૭૪, સેક્ટર-૨૫
- સ્વ. ઠાકોર જગાજી સરતાનજી - ૪૦, ગલથરા, માણસા
- સ્વ. ઠાકોર જવાનજી બાપુજી - ૭૫, ફિરોજપુર
- સ્વ. ગોર મણીબેન ભવાનીશંકર - ૮૫, સેક્ટર-૭
- સ્વ. ઠાકોર શાંતાબેન જવાનજી - ૭૦, પ્રતાપનગર, માણસા
- સ્વ. ત્રિવેદી રાજેન્દ્ર અંબારામજી - ૭૨, સેક્ટર-૭
- સ્વ. રાઓલ મહેન્દ્રસિંહ બહાદુરસિંહ - ૬૯, પેથાપુર